## નવસારી શહેરી વિકાસ સત્તામંડળ(નુડા),નવસારી
## તા.૦૬/૦૫/૨૦૨૨ ના સોમવારના રોજ ૧૨:૦૦ કલાકે સુનાવણી અંગેનો હુકમ

---

પ્રથમ પક્ષકાર પ્રમુખશ્રી સર્વોદય કો.ઓ.હા.સોસાયટી તેમજ બીજા પક્ષકાર શ્રી વિપુલભાઈ શાહને અત્રેની કચેરીનાં તા.૧૧/૫/૨૦૨૨ નાં પત્રથી બન્ને પક્ષકારોને પોતાનો પક્ષ રજુ કરવા મે.નિવાસી અધિક કલેકટરશ્રી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી,નુડાની અધ્યક્ષતામાં તા.૧૬/૫/૨૦૨૨ નાં સોમવારનાં રોજ ૧૨ : ૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ.જેમા પ્રથમ પક્ષકાર તરીકે પ્રમુખશ્રી સર્વોદય કો.ઓ.હા.સોસાયટીનાં પ્રતિનિધિ શ્રી જનકભાઈ એ.પટેલ તથા શ્રી નિરલ એ.નાયક હાજર રહે હતા તેમજ બીજા પક્ષકાર તરીકે શ્રી જીગર શાહ તેમજ તેમના એડવોકેટશ્રી દિપક જી.ગુપ્તા હાજર રહેલ હતા.

પ્રથમ પક્ષકાર તરીકે પ્રમુખશ્રી સર્વોદય કો.ઓ.હા.સોસાયટીનાં પ્રતિનિધિશ્રી જનકભાઈ એ.પટેલ તથા શ્રી નિરલ એ.નાયક ધ્વારા મે.નિવાસી અધિક કલેકટરશ્રી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓની રજુઆત કરેલ છે.

જે સુનવણી દરમ્યાન પ્લાનીગ આસીસ્ટન્ટશ્રીને તા.૭/૫/૨૦૨૨ ના રોજની પ્રશ્નવાળી જમીનની સ્થળસ્થિતિ તેમજ તા.૧૧/૫/૨૦૨૨ ના રોજની સ્થળસ્થિતિ અંગે પુછવામાં આવેલ હતું. જે અન્વયે પ્લાનીગ આસીસ્ટન્ટ ધ્વારા અત્રેની કચેરીથી તા.૭/૫/૨૦૨૨ ના રોજ પાઠવેલ પત્ર સમયે સ્થળે થયેલ બાંધકામ તેમજ અત્રેની કચેરીનાં તા.૧૧/૫/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ સ્થળસ્થિતિનો પંચકેસ દરમ્યાનનાં સમયગાળામાં બાંધકામ ચાલુ રાખેલ હોવાનું જણાયેલ છે.જે અંગેનું નિવેદન કરવામાં આવેલ છે.(આ સાથે ફોટોગ્રાફ સામેલ છે.)

મુદ્દા નં.૧ ૧૨૫.૦૦ ચો.મી.સુધીનાં બાંધકામની વિકાસ પરવાનગી મેળવવાની મુકિત આપવા બાબત.

મુદ્દા નં.૨ તેમજ અરજદારશ્રી વિપુલભાઈ શાહનાં પ્રતિનિધિઓ ધ્વારા નુડા કચેરીમાં આપવામાં આવેલ લેખિત રજુઆતની નકલો આપવા રજુઆત કરેલ.

મુદ્દા નં.૩ સ્થળે થયેલ મંદિરનું બાંધકામ બાબતે કામ ચલાઉ પુજા – અર્ચના કરવા બાબતે પરવાનગી આપવા રજુઆત કરેલ

ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆતોને મે.નિવાસી અધિક કલેકટરશ્રી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી નુડા ધ્વારા ધ્યાને લઈ પ્રથમ પક્ષકારને મુદ્દા નં.૧ અન્વયે જણાવ્યુ કે ગુજરાત સરકાર અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગરનાં હુકમ ક્રમાંક : ઈડીબી–૧૦૨૦૧૬–૩૬૨૯–લ, તા.૧૪/૦૯/૨૦૧૬ અન્વયે સામાન્ય વિકાસ નિયંત્રણોમાં ૧૨૫.૦૦ ચો.મી. સુધીનાં **રહેણાંકનાં વ્યકિતગત મકાનનાં બાંધકામ માટે** નગર પાલિકા / મહાનગર પાલિકા પાસેથી બાંધકામ મંજુરીની મેળવવામાંથી મુકિત આપવાનો નિર્ણય કરેલ છે. પરંતુ સદર બાંધકામ ધાર્મિક હેતુસરનું હોવાથી પરવાનગી લેવી જરૂરી છે.જે મંજૂરી સર્વોદય સોસાયટી ધ્વારા લીધેલ નથી.

મુદ્દા નં.૨ કામચલાઉ પુજા – અર્ચના કરવા બાબતે હાલમાં સુનાવણી ચાલુ હોય આ બાબતે નિર્ણય ન લઈ શકાય તેમ જણાવેલ છે.

મુદ્દા નં.૩ અરજદારશ્રી વિપુલભાઈ શાહનાં પ્રતિનિધિઓ ધ્વારા નુડા કચેરીમાં કરેલ લેખિત રજુઆત તેમજ પુરાવાઓ પ્રમુખશ્રી સર્વોદય કો.ઓ.હા.સોસાયટીનાં પ્રતિનિધિશ્રી જનકભાઈ એ.પટેલ તથા શ્રી નિરલ એ. નાયકને પાઠવી આપવા જણાવેલ છે.

બીજા પક્ષકાર તરીકે શ્રી વિપુલભાઈ શાહનાં પ્રતિનિધિશ્રી જીગર શાહ તેમજ તેમના એડવોકેટશ્રી દિપક જી.ગુપ્તા ધ્વારા મે.નિવાસી અધિક કલેકટરશ્રી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓની રજુઆત કરેલ છે.

મુદ્દા નં.૧ રસ્તાનાં કરાર દસ્તાવેજથી નોંધણી થયેલ છે. તે અંગેની રજુઆત કરવામાં આવેલ છે.

મુદ્દા નં.૨ રસ્તો વેચાણથી લીધેલ છે. અને જેને આધારે જ બિનખેતી પ્લાન મંજુર થયેલ હોય જેમા દબાણ અયોગ્ય છે.તે અંગેની રજુઆત કરવામાં આવેલ છે.

**મુખ્ય કારોબારી અધિકારી**
**નવસારી શહેરી વિકાસ સત્તામંડળ**
**નવસારી**

પ્રથમ પક્ષકારની સહી ......................................................

બીજા પક્ષકારની સહી ......................................................

નં. નુડા/ટીપી/વશી-1473/૨૦૨૨

તા. ૨૮/૦૫/૨૦૨૨